VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# પરિષ્કૃતિની એક વિલક્ષણ કાવ્યકૃતિ : 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા'

## ડૉ. ધ્રુવિનકુમાર રમણભાઈ પટેલ

અધ્યાપક સહાયક

આર્ટ્સ, સાયન્સ એન્ડ આર. એ. પટેલ કોમર્સ કૉલેજ, ભાદરણ

aadatcreation@gmail.com

ઈ.સ. ૧૯૫૫ની આસપાસ સુરેશ જોષી દ્વારા આધુનિક કવિતાનું આંદોલન આરંભાયું. એક તરફ આધુનિક પાશ્ચાત્ય જીવનમૂલ્યોનો આદર તો બીજી તરફ વિશ્વસાહિત્યના વાચન-શ્રવણથી સંસ્કરણ પામેલી સાહિત્ય સર્જન-વિવેચનની નૂતન વિભાવનાઓને અનુસરવાનું વલણ આધુનિક કવિતાનું મુખ્ય લક્ષણો બન્યું. આ જીવનમૂલ્યો અને કાવ્યવિભાવના આપણા જીવન મૂલ્યો અને કાવ્યવિભાવના અનુષંગે નહોતા આવ્યાં. આથી તે યોગ્ય પ્રમાણમાં આત્મસાત ન થયાં. ગણ્યા ગાંઠ્યા સર્જકોને બાદ કરતાં પાશ્ચાત્ય કાવ્ય અને એની વિભાવનાનાં અનુકરણો અનુસરણોમાં નિભૃત થયા. આ સ્થિતિ વચ્ચે જે ફલિત થયું એનું એક અભિવ્યક્તિનું ગુજરાતી કવિતામાં જુદું અને મોટું પ્રદાન છે. પરંતુ એ કમનસીબે અપવાદ સિવાય 'કવિતા' સુધી ન પહોંચી શક્યું. અને એ 'કુણ્ઠિત સાહસ' તરીકે ફલિતાર્થ થયું.

વીસમી સદીના નવમા દશકના પૂર્વાધે આઠમા-નવમા દશકની કાવ્યલબ્ધિને પિછાણવાનું કામ બળવત્તર બન્યું. પાશ્ચાત્ય વિભાવનાથી વિદિત સર્જક ઉચિત સંદર્ભમાં આધુનિક ભાવ-મૂલ્યબોધ પરિવેશનાં પ્રગટેલાં વલણોને આત્મસાત્ કરી પ્રગટ કરવા લાગ્યો. આમ, આધુનિક સંવેદના ગુજરાતી સંવેદના સાથે રસાઈને આધુનિક ગુજરાતી ચેતનારૂપે અભિવ્યક્તિ પામી. અને આધુનિક કવિતાની સહજ, ગંભીર અને પરિપક્વ પ્રતિક્રિયારૂપે કવિતામાં 'પરિષ્કૃત કવિતા'નું પોત રચાયું.

આધુનિકયુગ પછીની ગુજરાતી કવિતામાં જે કલમ અભિનિવેશ પૂર્વક સક્રિય થઈ તેમાં હરીશ મીનાશ્રુ મુખ્ય છે. જે અંતર્ગત 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા' (૧૯૮૮) કૃતિને સમયસંદર્ભ અને અર્થસંદર્ભ થકી પરિષ્કૃતિના ધારણે તપાસવાનો અહીં અભિગમ છે. 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા' કવિ હરીશ મીનાશ્રુનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. જેની પ્રથમ આવૃત્તિ: ૧૯૮૮માં મળે છે. અને પ્રથમ સંવર્ધિત આવૃત્તિ-૨૦૧૧માં ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્રકાશક હેઠળ પ્રકાશિત થાય છે. (નોંધ: ડિવાઇન પ્રથમ સંવર્ધિત આવૃત્તિ-૨૦૧૧માં, 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા'ની પ્રથમ આવૃત્તિ: ૧૯૯૮ છાપી છે. જે આવૃત્તિ બલ્કે ઈ.સ. ૧૯૮૮માં પ્રકાશિત થઈ છે.) આ દીર્ઘકાવ્યની હારમાળા અનુક્રમે 'એતદ્', ઈ.સ. ૧૯૮૦, ૧૯૮૧, જાન્યુ., ફેબ્રુઆરી, ઇ.સ. ૧૯૮૫, ઉત્તરાર્ધ, 'વિ- વિદ્યાનગર, ઑક્ટોબર, ઈ.સ. ૧૯૮૪, ઉત્તરોત્તરાર્ધ- ૧ 'કવિલોક', માર્ચ-એપ્રિલ, ઈ. સ. ૧૯૮૫, ઉત્તરોત્તરાર્ધ- ૨ 'એતદ્', એપ્રિલ- મે, ઈ.સ. ૧૯૮૫, ઉત્તરોત્તરાર્ધ- ૩ અને 'સંસ્કૃતિ', પૂર્ણાહૂતિ વિશેષાંક, ડિસેમ્બર, ઈ. સ. ૧૯૮૪માં સૌપ્રથમવાર પ્રગટ થયાં હતાં. ઉત્તરોત્તરાર્ધ-૩ની 'થોડીક દર્ભની સળીઓ'ને અંતે પૃ. ૭૪ પર રાધેશ્યામ શર્માનો 'કપૂરના 'કલર' અને કલરવથી ગૂંજતી કવિતા' નામનો લેખ અને 'સ્વગત' દ્વારા સમકાલીન સાથે કવિએ સહૃદય સંવાદ રચ્યો છે. આમ, ૭૮ જેટલી પૃષ્ટ મર્યાદા ધરાવતો આ સંચય એ હરીશ મીનાશ્રુનાં નૈસર્ગિક સર્જનની ચૈતસિક ઉપલબ્ધિ છે.

'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા' આમ તો એક સળંગ કાવ્યનો એક સૂક્ષ્માંશ છે. આ બત્રીસ ગઝલો અ-ખંડિત રીતે આસ્વાદી શકાય એવી સ્વરૂપપૂર્ણ છે. જેમ સૉનેટમાળાઓ હતી એવી આ ગઝલમાળા છે. ગઝલોને પરસ્પર સાંકળતા ભાવતંતુનું

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અહીં એકત્વ-ધનત્વ છે. તેમાં ગઝલ, કવિતા, કવિ, જીવનભાવોનું યથાતથ બયાન છે. જે નર્મ-મર્મ તરેહમાં તદ્દસંદર્ભો રચી આધુનિક કવિતાથી ઇલાયદું આધુનિક ગુજરાતી સૌંદર્ય પ્રગટ કરે છે.

કવિએ એક બીજી કાવ્યહિકમત કરી છે એના શીર્ષક થકી. મહાભારતના આદિપર્વમાં 'વૈશમ્પાયન એણી પેર બોલ્યા' એ પંક્તિ આવે છે: "कथिताश्चापि विधिवधा वैशंपायने वै| /श्रुत्वाडहं ता विचित्रार्था महाभारतसंश्रिता:"૧૭ (Krishnacharya. T. R & Vyasacharya. T. R, Edited By, (1906) 'SRIMAN MAHABHARATM', AADIPARV:1, AMUKRAMIKAPARV: 1, Bomby, Printed at The Kumbakonam, (Peg. 2) એની શૈલી આખ્યાનની પણ સ્વરૂપ ગઝલનું. બત્રીસ ગઝલો અરધેથી ગીતને છેલ્લે અછાંદસનું સાયુજ્ય. ગઝલમાં પણ અરૂઝ છંદોને સ્થાને પિંગલવરણા માત્રામેળ છંદો. એમાં કુંડલિયા-ચોપાઈ-દુહા-સવૈયા જેવા પરંપરાગત સ્વરૂપની પસંદગી. જે ધ્રિબાંગસુંદરના વ્યક્તિત્વ અન્વયે ભિન્ન ભિન્ન વિડંબણાઓ રજૂ કરે છે. આમ, ભારતીય પરંપરાગત સ્વરૂપના કસબથી કવિએ કળપૂર્વક ગૂંથી લીધું છે પરિષ્કૃતનું કલેવર.

'કોણ છે આ ધ્રિબાંગસુંદર?' એ વિશે કવિ ખુલાસો કરતાં કહે છે: "ધ્રિબાંગ સુંદર બે ફરચાડિયામાંથી બનેલો સ્પ્લિટ પુરુષોત્તમ છે એનું વિ-આખ્યાન કરતું એ કાવ્ય આત્મવત્ સર્વભૂતેષુ...એ સુભાષિતને અનુસરે છે. એ સમકાલીન સાહિત્યિક ભૂતપ્રેતોનો વ્યૂહાત્મક રીતે આત્મવત્ ગણીને, આપણા પરિદૃશ્યો વિશે જ વ્યંગવિડંબનાદિ ઉપકરણોથી કશુંક ક્રિટીકલ સ્ટેટમેન્ટ સાધતી મેટાપોએટ્રી છે."(મીનાશ્રુ હરીશ, *તત્ક્ષણના વિદ્યુત્તસંચારે વલોણું ભાષાનું: ચટક ચટક છમ્મ છમ્મ*, કેફિયત. આણંદ, સાહિત્ય સ્વરૂપ: કવિતા, તા. ૨૫-૧૨-૨૦૧૩, બુધવાર, ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન, (પૃ.૪) આમ કહી કવિ, આધુનિક કવિતાના ફલકથી પોતાને નોંખા પાડી સમકાલીન પરિદૃશ્ય વિશે સંવાદ રચે છે. અને સંવિત્તિનો આત્મીય, વ્યંગ-વિડંબનાદિ ઉપકરણોથી ક્રિટીકલ સ્ટેટમેન્ટ આપી 'વિશ્લિષ્ટ' વ્યક્તિત્વ રજૂ કરતાં 'ધ્રિબાંગસુંદર'ને સંવાદ-વિસંવાદની આધારશીલા બનાવે છે.

કાવ્યના પૂર્વાર્ધમાં ઉભયનું સત્ત્વશીલ આલેખન કરતાં કવિ કબીરની સાખી થકી પોતાની વૈયક્તિક અનુભૂતિ પ્રગટ કરે છે. જે ભારતીય આધ્યાત્મિક ચેતનાની ઋજુતા પૂર્વકની પ્રસ્તુતિ ભાવકને આકર્ષે છે: "લાય સાખી બનાય કર, ઇત ઉત અચ્છર કાટ |/કહે કબીર કબ લગ જીયે, જૂઠી પત્તલ ચાટ || પછી તરત જ..."ધ્રિબાંગસુંદરની જીભે ચટ્યાનો ચળકાટ |/કાચો દાણો અન્નનો, આ તેનો કચવાટ ||" (મીનાશ્રુ હરીશ, ડિવાઇન પ્રથમ સંવર્ધિત આવૃત્તિ : ૨૦૧૧, 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા', અમદાવાદ, ડિવાઇન પબ્લિકેશન્સ)

'કથાષોડશી'ની પ્રથમ ગઝલમાં ધ્રિબાંગસુંદરના પાત્ર દ્વારા કાવ્યાર્થ અને પરમાર્થની વચ્ચેના સંઘર્ષ-દ્વિધા પ્રબળ રીતે રજૂ થાય છે. કાવ્યમાં આવતાં નવા શબ્દો, વાક્-વિન્યાસ અને શબ્દલાલિત્ય પરિષ્કૃતિનાં અન્વયનો નિર્દેશ છે. જે આ કાવ્યમય રજૂઆતની સક્રિયતાથી અભિવ્યક્તિમાં વર્તાતું વ્યંજનાગર્ભ કવિકર્મ ઉક્ત પંક્તિથી ફલિત થાય છે: "ફૂલદડૂલે કોણ રમ્યું તે ખૂણેખાંચરે મોર ખર્યા/લયવાદળ લખલૂંટ દલ્યાં તે શબ્દ ઝર્યા દીંટડીએ જી/ઈન્ડિપેણથી નભ વલૂરતાં ચંદ્ર ફોતરું થઈ ઊખડે/સાથળ ક્યમ ઢાંકું રે, ચળ આવે છે વારેઘડીએ જી" (પૃ. ૧૧)

કાવ્યાત્મક ગદ્યખંડમાં આપણને સંગ્રહની અનોખી છટા પ્રાપ્ત થાય છે. એ પણ વ્યંજનાપૂર્ણ મુદ્રામાં. અહીં ક્યાંય આધુનિક કવિતાની જેમ કે ગદ્યખંડની જેમ રૂપનિર્મિતિથી કાવ્યમાં ભાષાની કુણ્ઠા વર્તાતી નથી. પરંતુ, પરિષ્કૃતિને પરિણામે કવિની સ્વકીય ચેતના કલારૂપને રૂપાયનની પ્રક્રિયાથી પરિષ્કૃત કરે છે. એનો એક અંશ અહીં ટાંકું છું: "...ધ્રિબાંગસુંદર તો હવે વાયવ્ય થઈ ગયા. આપણી ભાષાની અનન્ય ઐરાવત હસ્તી...કવિતામાં તો એ ફેન્ટાની બોટલસ્વરૂપ હતા...એમના સંપાદનકાળમાં એમણે ઘણી ત્યક્તાઓને કાવ્યાશ્ર ય આપેલો.....સ્વર્ગમાંથી લાવીને આ મર્ત્યલોકમાં એમણે વાવેલો કાવ્યપ્રકાર હવે 'ધ્રિબાંગસુંદરિકા' નામે ઓળખાય છે. એમની સમાધિ પર આવીને દેશવિદેશના કવિઓ પોતાની સ્વદેશી જીભ કરડી ખાય છે...આ દેશના પ્રજાજનો એનો ઓટલા તરીકે ઉપયોગ કરે છે." (પૃ. ૨૪)

'Epitaph ધ્રિબાંગસુંદરનો' કાવ્ય આધુનિકતાના સંપર્કે સંપ્રજ્ઞાપણે પરિષ્કૃત કવિતામાં રચેલા અનુસંધાનને વ્યંજિત કરે છે. જે પરંપરા અને આધુનિકતા વચ્ચેની પ્રતિક્રિયા રૂપે પરિષ્કૃત ગુજરાતી કવિતાનું કવિ પોતીકું ભાતીગળ રચી આપે છે એ

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

પણ બંગાળી શૈલીમાં જુઓ એની એક ઝલક: "તુમિ તા જાનો ના કિછુ/આમાર સકલ ગાન કેવલ તોમારે લક્ષ કરે/ધ્રિબાંગસુંદિર, તુમિ/ગઝલેર અંધકારે કિંશુકદ્યુતિ પ્રત્યક્ષ કરે"

'ઉત્તરોત્તરાર્ધ-૧'માં કવિ કાવ્યસ્વરૂપની વિવિધ વિશેષતાઓ વિશિષ્ટ અનુબંધ સાથે રજૂ કરતાં નરસિંહ, પાણિનિ, દયારામના ઉલ્લેખ કરે છે. જે કાવ્યને ઔચિત્ય પ્રદાન કરે છે. પરિષ્કૃતિથી દીક્ષિત સંયત અને વ્યંજના ગર્ભ કાવ્યભાષાની કેટલીક પંક્તિઓ જુઓ: "જીભ ઝૂરી પડી ઝૂલણા છંદમાં/નીપજયો હોઠનો અર્થ આનંદમાં/શબ્દ તો પદ્મપાણિ બન્યા, પાણિનિ!/સ્પર્શ તો વિકસ્યા આજ સોગંદમાં" (પૃ. ૪૪)/"નિશ્ચેનો આ મ્હેલ, મ્હેલમાં/સંશયથી શોભાયમાન શ્રી કાગળનો બાજોટ/કોણ બિરાજ્યું બારાખડીએ ઝકુંબઝૈયાં સચરાચર શોભ્યું મોજડીએ ઝકુંબઝૈયાં/કપોલકલ્પનથી કાંતેલી મૂઢ કવિતા ગૂઢ ગરજતી ખાલી ખડિયે ઝકુંબઝૈયાં" (પૃ. ૪૫)"અમીં રે ગનપાવડરનાં માણસો/થોડાં સુંદર છૈંયે ઝાઝાં છૈંયે ધિરબંગ" (પૃ. ૫૦)

ઉત્તરોત્તરાર્ધ-૨માં કવિએ કવિતા સાથે અનુબંધ સાધનાર કવિ, વિવેચક, ભાવક અને સંપાદકની દૃષ્ટિએ વિષય નિરૂપણ કર્યું છે મધ્યકાલીન પદ્યવાર્તાકાર શામળનો ઉપાડ લઈને. પદ્યવાર્તાની પ્રતિકૃતિથી આધુનિક કવિતાનાં પ્રલાપોથી દૂર રહી કાવ્યનું નોખું વિશ્વ પ્રગટ કરે છે. જે વિદગ્ધ ભાવકને પણ આસ્વાદવા લાલચવે છે જુઓ એની એક પંક્તિ: "ધ્રિબાંગસુંદર: કીડી ઊંચકે આભને, જ્યમ કવિતા રસબાર |/મરદ ન વેઠે ગાભને, પડ પાસા પોબાર ||" (પૃ. ૫૨)

'ઉત્તરોત્તરાર્ધ-૩'માં 'બે યદૃચ્છાંદસ કાવ્યો'નાં કથન થકી કવિ પશ્ચિમના દૃષ્ટિકોણથી જોવામાં આવતી નિજ સૃષ્ટિ કેવી કૃત્રિમ લાગે છે, તેની વાત માર્મિક રીતે રજૂ કરી છે વિશેષમાં કહે છે: "એક રોબોટ/પણે ઊભો ઊભો/માણસ વિશે ડેટા પ્રોસેસિંગથી/કવિતા/લખે/છે"(પૃ. ૬૬)/"માટીને પેલે પારથી-/ભૂખથી રીબાતું પેલું વલ્લવપુરા ગામ/મારી કવિતામાં કરપાય"(પૃ. ૬૮) આમ આધુનિક કવિતાએ અભિવ્યક્તિ રીતિએ અછાંદસ સ્વરૂપની જે વિભીષિકાઓ પ્રગટાવી એનો ઘણો ફાયદો પરિષ્કૃત કવિતાને થયો છે. શબ્દને, ભાષાનાં પોતને તોડી-મરોડીને નવા શબ્દ રચવાની કે સંદર્ભ રચવાની વિશેષતા આધુનિક કવિતાથી તદ્દન અહીં જુદી છે. હરીશ મિનાશ્રુની આ અછાંદસ રચના એનું જીવંત પરિણામ છે.

નિષ્કર્ષ**:** 'પરિષ્કૃત કવિતા' આધુનિકતાવાદી કવિતાને મુકાબલે વિશેષ પરિમાર્જિત થતી જોવા મળે છે. 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા'ના સંદર્ભમાં નીચે અનુસાર દર્શાવી શકાય છે. આમ તો તત્ક્ષણ પરિષ્કૃતિના વિશેષોનું નિર્દેશન કર્યું છે. છતાં જે પરિષ્કૃતિથી અધીત છે તે:

હરીશ મીનાશ્રુની 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા' કૃતિ ગીત, ગઝલ અને અછાંદસના ક્રિયાશીલ સંબદ્ધથી વિનિમયની નવીન સંભવ્યતા પ્રકટાવે છે. એમાં 'ધ્રિબાંગસુંદર' નામી 'કવિ-કેરીકેચર' રચવાનો પ્રગલ્ભ પ્રયાસ થયો છે.

સંપૂર્ણ રચનાની પદાવલિ સંસ્કૃત તત્સમ છે, લય પણ એ પ્રમાણે રચાયો છે. ગઝલમાં પ્રયોજાયેલો રદીફ-કાફિયા અરૂઢ અને નવીન છે. આ પહેલા આ પ્રકારના રદીફ-કાફિયા આધુનિક ગુજરાતી ગઝલમાં નિ-દર્શિત થયા નથી. કાવ્ય જાણે મુખબંધ, ઢાળ અને વલણને આધારે આંતરસૂત્રતા પ્રસ્તુત કરે છે. જે પરિષ્કૃતિ દ્વારા સંમાર્જન પામેલી કવિચેતનાનું આવિષ્કરણ છે. આમ કવિ પોતાની કવિતાથી પરિષ્કૃત કવિતાના પ્રવાહને વેગવંતો બનાવે છે.

હરીશ મીનાશ્રુની કવિતા કેવળ આધ્યાત્મ પરત્વે જ નહીં વૈયક્તિક, સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આધુનિકતાવાદી કવિતાના ભાવ-મૂલ્યબોધથી જુદા અને પોતીકા વલણો પ્રગટાવે છે. તો ક્યાંક પુરાકલ્પન અને આધુનિક સંવેદનાના સંયોગથી આધુનિક ચેતનાની આકૃતિ રચાય છે. એમાં પુરાકલ્પન પર પ્રત્યારોપણ તો ક્યારેક પુરાકલ્પનમાં પડેલા સર્વકાલીન ચેતના અંશો પૈકી આધુનિક સંવેદનાના સવર્ણ અંશોનું વિકસન થાય છે. આધુનિકતાના નામે પુરાકલ્પનને મરોડી નાંખવાનો હઠાગ્રહ નથી બલ્કે, ભારતીય પરંપરા સાથે સંધાન રચવાનો પુરુષાર્થ કૃતિમાં થયેલો જોવા મળે છે.

'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા'ની રચનાઓમાં સ્થળ, પદાર્થ, પરિવેશ આદિ કથનના ભાવ, લાગણી કે આવેશથી સચેત થતાં સ્થૂળ વાસ્તવમાંથી ચૈતસિક વાસ્તવમાં રૂપાંતર પામતી રચનાઓ અને એમાં પદાર્થની ચેતનાના કથનની ચેતના તરફના કર્ષણને પરિણામે પદાર્થનું પ્રતિભાસિક વાસ્તવ રચાતું દેખાય છે. જેમાં કોઈ મૂડ પદાર્થોના પરિચિત વાસ્તવમાંથી

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

થતાં સંક્રમણનો સંપ્રેરક બનતો પ્રતીત થાય છે. જેથી તેમાં નિરૂપાયેલું કલ્પનાનું સંયોજન અને ભાષાકર્મની સૂક્ષ્મતા આ રચનાઓને પુરોગામી રચનાઓથી જૂદી પાડે છે.

ઈ.સ. ૧૯૮૦ પછી કવિશ્રી હરીશ મીનાશ્રુ 'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા' નામક દીર્ઘકાવ્યમાં ગઝલની હારમાળા સરજીને ગઝલને નૂતન પરિવેશમાં પ્રયોજે છે. જે પરંપરા સાથેના સ્વકીય અનુસંધાન રચી વિષયવૈવિધ્ય, ભાવ-ભાષા, કાવ્યછટા અને નાવીન્ય પ્રગટાવતાં ઉપકરણોથકી, સમયસંદર્ભે વિશિષ્ટ અર્થ નિપજવવાના ઉદ્દેશે કરાયેલી કવિની પરિષ્કૃત બાની છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ

1. મીનાશ્રુ હરીશ, *તત્ક્ષણના વિદ્યુત્તસંચારે વલોણું ભાષાનું: ચટક ચટક છમ્મ છમ્મ,* કેફિયત. આણંદ, સાહિત્ય સ્વરૂપ: કવિતા, તા. ૨૫-૧૨-૨૦૧૩, બુધવાર, ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન.
2. પંડયા રાજેશ, (ડિસેમ્બર, ૨૦૧૪) 'પરબ', *પ્રાસંગિક: ભગવામાં જે ભરત ભરીને સોહે તે કવિ,* અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, વર્ષ: ૯, અંક: ૫, તંત્રી: જોશી યોગેશ, (પૃ.૪૩ થી ૫૧).
3. મીનાશ્રુ હરીશ, (ડિવાઇન પ્રથમ સંવર્ધિત આવૃત્તિ : ૨૦૧૧), *'ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા',* અમદાવાદ, ડિવાઇન
4. પબ્લિકેશન્સ.

http://vidyajournal.org